# ચીખલીમાં બે ઈંચ, નવસારી જિલ્લામાં ચોમાસું સક્રિય

**જલાલપોરમાં** 44, ખેરગામમાં 29, ગણદેવીમાં 23, વાંસદામાં 22 મીમી વરસાદ

**નીચાણવાળા** વિસ્તારોમાં રાબેતા મુજબ પાણી ભરાયા

નવસારી: નવસારી જિલ્લામાં બુધવારે નોંધાયેલા વરસાદે એક તરફ ખેડૂતોના ચહેરા પર ખુશી લાવી છે, તો બીજી તરફ વરસાદી સિઝનની વાસ્તવિક તૈયારીઓ અંગે તંત્ર માટે પણ પરીક્ષાનો સમય શરૂ કરી દીધો છે. જિલ્લામાં સવારના 6 વાગ્યાથી સાંજના 4 વાગ્યા સુધી ચીખલીમાં સૌથી વધુ 51 મીમી વરસાદ નોંધાતા ચોમાસું હવે સક્રિય તબક્કામાં પ્રવેશી રહ્યું હોવાના સંકેતો મળ્યા છે.

જલાલપોરમાં 44 મીમી, ખેરગામમાં 29 મીમી, ગણદેવીમાં 23 મીમી, વાંસદામાં 22 મીમી અને નવસારી તાલુકામાં 18 મીમી વરસાદ નોંધાયો હતો. વરસાદના આ આંકડા દર્શાવે છે કે દક્ષિણ ગુજરાતમાં ચોમાસાની પકડ ધીમે ધીમે મજબૂત બની રહી છે.

ખેતીની દ્રષ્ટિએ જોઈએ તો આ વરસાદ સમયસર અને લાભદાયી માનવામાં આવે છે.

છેલ્લા કેટલાક દિવસોથી વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતો માટે આ વરસાદ વાવણી અને પાકના પ્રારંભિક વિકાસ માટે અનુકૂળ સાબિત થઈ શકે છે.

દિવસો સુધી કાગડોળે વરસાદની રાહ જોઈ રહેલા ધરતી પુત્રોએ આ વરસાદના કારણે આનંદની લાગણી વ્યક્ત કરી હતી. એ સાથે જ કેટલાક વિસ્તારોમાં વાવણીનો પ્રારંભ થયો હતો.

### આગામી દિવસોમાં વરસાદી માહોલ યથાવત રહેશે : હવામાન નિષ્ણાંતો

હવામાન નિષ્ણાતોના મતે આગામી દિવસોમાં પણ વરસાદી માહોલ યથાવત રહેવાની શક્યતા છે. તેથી ખેડૂતો માટે આ વરસાદ આશીર્વાદ સમાન છે, પરંતુ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ અને વહીવટી તંત્ર માટે વરસાદી કામગીરીની વાસ્તવિક કસોટી હવે શરૂ થઈ છે.

### પાણી ભરાવાની સમસ્યાનો કાયમી ઉકેલ શોધવો જરૂરી

બીજી તરફ, જિલ્લાના કેટલાક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની ઘટનાઓ ફરી સામે આવી છે. દર વર્ષે વરસાદી સિઝન દરમિયાન ડ્રેનેજ વ્યવસ્થા, વરસાદી પાણીના નિકાલ અને રસ્તાઓ પર પાણી ભરાવાની સમસ્યાઓ ચર્ચાનો વિષય બને છે. સિઝનના શરૂઆતના વરસાદમાં જ જો પાણી ભરાવાની સ્થિતિ સર્જાતી હોય, તો આગામી ભારે વરસાદ દરમિયાન તંત્ર માટે પડકાર વધુ મોટો બની શકે છે.

## ડાંગ જિલ્લામાં પોણા ત્રણ ઈંચ વરસાદ

**ડાંગમાં** ધુમ્મસની ગાઢ ચાદર છવાઇ



સાપુતારા : ડાંગ જિલ્લામાં સતત ત્રીજા દિવસે પણ મેઘરાજાએ તોફાની બેટિંગ ચાલુ જ રાખી હતી જેના કારણે અંબિકા નદીમાં વ્યાપક પ્રમાણમાં નવા નીરના વધામણા થયા છે, જેને કારણે સ્થાનિકોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ચોમાસાની આ જમાવટને પગલે સાપુતારા અને તેની આસપાસના ડુંગરાળ વિસ્તારોનું વાતાવરણ અત્યંત આહલાદક અને રોમાંચક બની ગયું છે. વરસાદની સાથે-સાથે ગિરિમથક સાપુતારા ખાતે ગાઢ ધુમ્મસની સફેદ ચાદર ઓઢાઈ જતાં સમગ્ર કુદરતી નજારો મનમોહક બની ગયો હતો. જોકે, આ અદભુત ધુમ્મસિયા વાતાવરણના કારણે વિઝિબિલિટી ખૂબ જ ઘટી જતાં પ્રવાસીઓ અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો, જેના પગલે વાહન ચાલકોને ધોળે દિવસે પણ પોતાના વાહનોની હેડલાઈટ અને સિગ્નલ ચાલુ રાખીને અત્યંત સાવચેતીપૂર્વક વાહન હંકારવાની નોબત આવી પડી હતી.બીજી તરફ, ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ઉપરાંત વઘઇ, સુબિર સહિતના પૂર્વપટ્ટીના વિસ્તારોમાં પણ સવારથી જ સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. છેલ્લા ત્રણ દિવસથી સતત જામી રહેલા વરસાદી માહોલના કારણે જિલ્લાની નાની-મોટી નદીઓ, નાળાઓ અને કોતરો પાણીથી છલકાઈ ગયા છે અને ચોમેર નવા નીર વહી રહ્યા છે. આ વ્યાપક અને સમયસરના વરસાદને પગલે ડાંગના ધરતીપુત્રોમાં પણ ભારે હરખની હેલી જોવા મળી રહી છે. વરસાદની ધમાકેદાર એન્ટ્રી થતાં જ ખેડૂતો ઉત્સાહભેર ખેતીકામમાં જોડાઈ ગયા હતાં.


### ડાંગ જિલ્લાનો 24 કલાકનો વરસાદ

| | |
|---|---|
| આહવા | 2.72 ઈંચ |
| સુબીર | 2.12ઈંચ |
| સાપુતારા | 1.48 ઈંચ |
| વઘઇ | પોણો ઈંચ |

### દમણમાં 24 કલાક દરમ્યાન 3.44 ઇંચ વરસાદ વરસ્યો

દમણ : સંઘપ્રદેશ દમણ તથા આસપાસના વિસ્તારમાં છેલ્લા 2 દિવસથી છૂટોછવાયો વરસાદ વરસી રહ્યો છે. તેના કારણે ઔદ્યોગિક વિસ્તારના અંદરના રસ્તાઓ પર કીચડ અને પાણીના ખાબોચિયા ભરાઈ જતા વાહનચાલકોએ પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. જ્યારે ખેડૂતો વાવણી લાયક વરસાદની કાગડોળે રાહ જોઈ રહ્યા છે. દમણમાં 24 કલાક દરમ્યાન 3.44 ઈંચ જેટલો વરસાદ વરસવા પામ્યો છે. ત્યારે હવામાન વિભાગ દ્વારા આગામી 24 કલાક દરમિયાન દક્ષિણ ગુજરાતની સાથે સંઘપ્રદેશ દાનહ અને દમણમાં યલો એલર્ટ જારી કરી આ વિસ્તારમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે.

### પારડીના પલસાણામાં જાળીમાં ફસાયેલ કોબ્રાને જીવદયા ગ્રુપે બચાવ્યો



પારડી: પારડીના પલસાણા ગામમાં રહેતા સચિન પટેલની વાડીમાં એક સાપ જાળમાં ફસાઈ ગયો હતો. જેની જાણ તેઓએ પારડી જીવદયા ગ્રુપને કરતા પ્રમુખ અલી અન્સારીના માર્ગદર્શન હેઠળ સભ્યો યાસીન મુલતાની, રીશી ઠાકુર અને ફૈઝાન રાઈન ઘટના સ્થળે પહોંચી ગયા હતાં. જ્યાં જોતા 4 ફૂટ જેટલો લાંબો ઝેરી કોબ્રા સાપ હોવાની જાણ થઇ હતી. જેને જાળીમાંથી સહીસલામત રીતે રેસ્ક્યુ કરવામાં આવ્યો હતો. હાલ વરસાદની મોસમ હોવાથી સાપોના દરમાં પાણી ભરાઈ જતા સરીસૃપો રહેણાંક વિસ્તાર તરફ આવી ચઢે છે, ત્યારે આ ઝેરી કોબ્રા સાપ અંગે વન વિભાગને જાણ કરી જંગલમાં મુક્ત કરવાની તજવીજ હાથ ધરી છે.

## ઈન્સ્ટાથી બેંક ખાતા સુધી નવસારીમાં ઠગોની નવી જાળ

**જલાલપોરના** યુવાન અને ગણદેવીની મહિલા સાથે રૂ. 85 હજારની છેતરપિંડી

નવસારી: જલાલપોર વિસ્તારમાં રહેતા નજરૂદીન કુત્બુદીન અન્સારીએ ઈન્સ્ટાગ્રામ પર 'bblu amdabad' નામના એકાઉન્ટની ફેબ્રિક કાપડ વેચાણની જાહેરાત જોઈ હતી. જાહેરાતમાં બજાર ભાવ કરતાં ઓછી કિંમતે કાપડ આપવાનો દાવો કરવામાં આવ્યો હતો. સંપર્ક કરતાં આરોપીએ વોટ્સએપ પર વિવિધ પ્રકારના કાપડના ફોટોગ્રાફ્સ અને વિગતો મોકલી ફરિયાદીનો વિશ્વાસ જીત્યો હતો.

વાતચીત દરમિયાન કુલ રૂ.45 હજારના કાપડનો સોદો નક્કી થયો હતો. ત્યારબાદ આરોપીએ 'Shafik Shaikh' નામના ગૂગલ પે એકાઉન્ટમાં રૂ.20 હજાર એડવાન્સ જમા કરાવવા જણાવ્યું હતું. ફરિયાદીએ 30 જાન્યુઆરી, 2024ના રોજ રકમ ટ્રાન્સફર કરી દીધી હતી. પરંતુ ત્યારબાદ કાપડ મોકલવાના બહાના શરૂ થયા હતા. ક્યારે ટ્રાન્સપોર્ટની સમસ્યા, તો ક્યારે સ્ટોક ઉપલબ્ધ ન હોવાના બહાના કાઢી આખરે સંપર્ક તોડી નાખવામાં આવ્યો હતો.

આ કેસમાં સૌથી મહત્વનો સવાલ એ છે કે ઈન્સ્ટાગ્રામ પર ફેક બિઝનેસ એકાઉન્ટ બનાવી ગ્રાહકોને નિશાન બનાવતા લોકો સુધી તપાસ એજન્સીઓ કેટલી ઝડપથી પહોંચી શકે છે? કારણ કે મોટા ભાગના આવા એકાઉન્ટો થોડા સમય માટે જ સક્રિય રહે છે અને પછી ગાયબ થઈ જાય છે.

બીજી તરફ ગણદેવી પોલીસ સ્ટેશન વિસ્તારમાં સાયબર ઠગોએ વધુ ખતરનાક પદ્ધતિ અપનાવી હતી. એક મહિલાના વોટ્સએપ પર અજાણ્યા નંબર પરથી APK ફાઈલ મોકલવામાં આવી હતી. ટેકનિકલ ભાષામાં APK ફાઈલ એ એન્ડ્રોઈડ એપ્લિકેશન ઈન્સ્ટોલ કરવા માટેની ફાઈલ હોય છે. પરંતુ સાયબર ગુનેગારો આ જ ફોર્મેટનો ઉપયોગ કરીને મોબાઈલમાં માલવેર ઈન્સ્ટોલ કરાવે છે. મહિલાએ ફાઈલ ડાઉનલોડ અને ઈન્સ્ટોલ કરતાં જ આરોપીઓને મોબાઈલનો એક્સેસ મળી ગયો હતો. ત્યારબાદ બેંકિંગ માહિતી, OTP અને અન્ય સંવેદનશીલ ડેટા મેળવી ફરિયાદીના HDFC બેંક ખાતામાંથી રૂ.50 હજાર, રૂ.10 હજાર અને રૂ.5 હજાર એમ કુલ રૂ.65 હજાર ટ્રાન્સફર કરી લેવામાં આવ્યા હતા.

## ડાંગની હેરિટેજ ગાડીમાં સાંસદે મુસાફરી કરી

**ડાંગ** જિલ્લાની ડુંગરડા-વઘઈ નેરોગેજ ટ્રેનમાં સાંસદ ધવલ પટેલની જનરલ કોચમાં મુસાફરી



સાપુતારા: વલસાડ-ડાંગનાં સાંસદ ધવલ પટેલ દ્વારા ડુંગરડાથી વઘઈ સુધી નેરોગેજ ટ્રેનના જનરલ કોચમાં સામાન્ય મુસાફરો સાથે મુસાફરી કરી વિસ્તારની રેલવે સુવિધાઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. લોકો સાથે સીધો સંવાદ કરી તેમની સમસ્યાઓ, સૂચનો અને જરૂરિયાતો અંગે માહિતી મેળવી હતી. આ મુલાકાત દરમિયાન ડુંગરડા ખાતે આવેલ આશરે 110 વર્ષ જૂના રેલવે પુલનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું અને પુલની હાલની સ્થિતિ અંગે માહિતી મેળવવામાં આવી હતી. સાંસદે પુલની જરૂરી મરામત તાત્કાલિક ધોરણે હાથ ધરવામાં આવે તે માટે રેલવે મંત્રી સમક્ષ રજૂઆત કરવાની ખાતરી આપી હતી. મુસાફરી દરમિયાન અનેક વડીલો અને સ્થાનિક લોકો સાંસદને મળ્યા હતા. અનેક વડીલોએ સાંસદને આશીર્વાદ આપી તેમના કાર્યની પ્રશંસા કરી હતી. આ પ્રવાસ દરમિયાન ડાંગ જિલ્લા સંગઠન પ્રમુખ કિશોર ગાવીત, ડાંગ જિલ્લા પંચાયતનાં ઉપપ્રમુખ ઉષાબેન ધર્મેશભાઈ પટેલ, યુવા પ્રમુખ આઝાદસિંહ બધેલ, વઘઈનાં આગેવાન ધર્મેશભાઈ પટેલ સહિત અનેક કાર્યકરો અને સ્થાનિક આદિવાસી સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## વલસાડમાં ચાલતી ટ્રેનમાંથી વિદ્યાર્થીનો મોબાઈલ ચોરાયો

વલસાડ : વલસાડ રેલવે સ્ટેશન પર રાણકપુર એક્સપ્રેસ ટ્રેનમાંથી એક સગીર મુસાફરનો મોબાઈલ ફોન ઝૂંટવીને અજાણ્યો ચોર નાસી છૂટ્યો હતો. મુંબઈના ભાયંદર વેસ્ટ વિસ્તારમાં રહેતો ૧૭ વર્ષીય વિદ્યાર્થી રમેશ ઓમપ્રકાશ ખાતી ૨૧ જૂને રાણકપુર એક્સપ્રેસના જનરલ કોચની બારી પાસે બેઠા હતા. આશરે વહેલી સવારના ૩:૦૦ વાગ્યાના સુમારે જ્યારે આ ટ્રેન ચાલુ થઇ ત્યારે ત્યાં ઉભેલા એક અજાણ્યા ઈસમે બારીમાંથી અચાનક હાથ નાંખી તેમનો મોબાઈલ આંચકી લીધો હતો. ટ્રેન ગતિમાં હોવાને કારણે ફરિયાદી તે સમયે વલસાડ સ્ટેશને ઉતરી શક્યો ન હતો, જેથી તેણે બોરીવલી રેલવે પોલીસ સ્ટેશનમાં આ અંગે ઝીરો એફઆઈઆર નોંધાવી હતી. જે ફરિયાદ વલસાડમાં ટ્રાન્સફર કરવામાં આવી હતી.

## વાપી નજીકથી રૂ. 3.48 લાખના દારૂ સાથે બે પકડાયા

વાપી: એલસીબી ટીમે પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે, પીકઅપમાં મીણીયા કોથળીઓના પાર્સલ ભરેલા હતા અને તેની આડમાં વિદેશી દારૂ-બીયર-ટીનનો જથ્થો મોટી માત્રામાં મળી આવ્યો હતો. પોલીસે નામઠામ પૂછતા ડ્રાઈવર ચંદ્રદેવ ઉર્ફે ચનદેવ મનચીત યાદવ (ઉં.27, રહે. મહારાષ્ટ્ર, મૂળ બિહાર) અને કલીનર આશિષ ગણેશ શુકલા (ઉં.23, રહે. સુરત, મૂળ યુપી) હોવાનું જણાવ્યું હતું. પીકઅપમાંથી મળી આવેલ દારૂ-બીયરના જથ્થાની કિંમત 3,48,960/- આંકવામાં આવી હતી. પોલીસે વધુ પૂછતાછ કરતા આ દારૂનો જથ્થો દમણના રાજુએ ભરાવ્યો હતો અને તે જથ્થો સુરત, કડોદરામાં લક્ષ્મીબેનને પહોંચાડવાનો હતો.

## વિરાવળમાં મુક્તિનાથ મહાદેવનો પાટોત્સવ ઉજવાયો

નવસારી: વિરાવળ ગામે આવેલ મુક્તિનાથ મહાદેવ મંદિરના પ્રથમ પાટોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. દિવસ દરમિયાન ધાર્મિક અનુષ્ઠાનો, સેવાકીય પ્રવૃત્તિઓ અને ભજનમય કાર્યક્રમોથી મંદિર પરિસર હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠ્યું હતું. પ્રાત:કાળે વૈદિક વિધિ અનુસાર યજ્ઞ અને પૂજન સાથે કાર્યક્રમનો પ્રારંભ થયો હતો. યજ્ઞમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ ભાગ લઈ ભગવાન શિવની આરાધના કરી હતી. આ સાથે માનવસેવાના ઉદ્દેશ્યથી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અનેક યુવાનો અને સેવાભાવી નાગરિકોએ રક્તદાન કરી સામાજિક જવાબદારી નિભાવી હતી. ત્યારબાદ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં આસપાસનાં ગામોના ભાવિકોએ હાજરી આપી હતી. સાંજે ભજન અને સત્સંગના કાર્યક્રમો યોજાતા સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. ભક્તિગીતો અને શિવસ્તુતિના સ્વરો વચ્ચે ભાવિકો આધ્યાત્મિક આનંદમાં લીન બન્યા હતા.મંદિર ટ્રસ્ટ, ગામના આગેવાનો અને સ્થાનિક યુવાનોના સહયોગથી આયોજિત આ પાટોત્સવ માત્ર ધાર્મિક કાર્યક્રમ નહીં, પરંતુ સમાજમાં એકતા, સેવા અને સંસ્કૃતિના સંદેશને પ્રબળ બનાવતો ઉત્સવ સાબિત થયો હતો.

### વાપી બલીઠા અંડરપાસ પાસે ટ્રાફિક નિયંત્રણ માટે બંને તરફ સર્કલ બનાવાયાં



વાપી બલીઠા અંડરપાસ બનતા વાહનચાલકોને મોટી રાહત થવા પામી છે. દમણ, ચલા, બલીઠા કે મોરાઈ તરફ જવા માટે આ અંડરપાસ વાહનચાલકો માટે ઉપયોગી સાબિત થયો છે. વળી, ચલા વિસ્તાર પણ મોટો થયો હોય અનેક બિલ્ડીંગો અને રહેણાંક વિસ્તાર હોય દરેકને આ અંડરપાસ ઉપયોગી અને મહત્વનો બન્યો છે. તો બીજી તરફ રેલવે વિભાગ દ્વારા વાપી બસ ડેપો નજીક ફાટક પણ કાયમી ધોરણે બંધ કરી દેવામાં આવતા વાહનચાલકોને મુશ્કેલી પડી રહી છે. મોટે ભાગના વાહનચાલકો વાપી જે ટાઈપ અંડરપાસ અથવા તથા બલીઠા અંડરપાસનો ઉપયોગ કરવો પડી રહ્યો છે. આ બલીઠા અંડરપાસ પાસે ટ્રાફિક પોલીસ તૈનાત હોવા છતાં વાહનોની સંખ્યા વધવાને લઈ ટ્રાફિક સમસ્યા સર્જાતી હોય જેને ઉકેલવા માટે વાપી મનપા તથા વાપી ડીવાયએસપી સહિતની ટીમ આવી હતી. જે બાદ બલીઠા અંડરપાસની ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે બંને તરફ સર્કલ બનાવવાનો નિર્ણય લેવાયો હતો. બલીઠા અંડરપાસની બંને તરફ સર્કલ બનાવવામાં આવ્યા છે જેને લઈ વાહનચાલકોને મોટી રાહત થવા પામી છે. કેટલાક ટુ વ્હીલરવાળાઓ શોર્ટકટમાં રોંગ સાઈડથી અંડરપાસમાં પ્રવેશ કરી રહ્યા હોય જેને લઈ અકસ્માતની ભીતિ પણ સેવાઈ રહી છે.

## ખેરગામમાં વિદ્યાર્થીઓ ભરેલી કારને ટ્રકે ટક્કર મારી

**છ વર્ષની** બાળકીને માથામાં અને આંખના ભાગે ગંભીર ઇજા



ખેરગામ : ખેરગામ તાલુકામાં રામજી મંદિરથી જનતા સ્કૂલ તરફ જતા માર્ગ ઉપર સવારના સમયે એક બેફામ ટ્રકે ચીખલીની ખાનગી શાળામાં જતા વિદ્યાર્થીઓથી ભરેલી ઈકો ગાડીને જોરદાર ટક્કર મારી જેમાં એક ૬ વર્ષીય નાની બાળકીને માથાના ભાગે આંખના ઉપરના ભાગે અને શરીરે ઈજાઓ પહોંચી છે. આ બનાવની ફરિયાદ સુમનભાઈ વલ્લભભાઈ પટેલે (રહે. વાવ નિશાળ ફળિયા તા.ખેરગામ) આપી હતી. તેમણે તેમની ફરિયાદમાં જણાવ્યું હતું કે સવારના સમયે ઈકો ગાડી (નંબર GJ 21 BC 1954) પસાર થઈ રહી હતી તે દરમિયાન સામેથી આવી રહેલી ટ્રક (નંબર RJ 02 GC 6629) ના ચાલકે ઈકો ગાડીના જમણી સાઈડના વચ્ચેના દરવાજાના ભાગે અથડાવી હતી. જેના કારણે ફીયા મિલનભાઈ પટેલ (ઉંમર ૬)ને માથાના ભાગે તથા જમણી આંખની ઉપરના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. આ ઉપરાંત તેમના શરીરે અન્ય નાની-મોટી વત્તાઓછી ઈજાઓ પહોંચી હતી.

## નવસારીનો સરબતિયા તળાવ પ્રોજેક્ટ પુન: કાર્યરત થશે

**મેયર,** મ્યુ. કમિશનરે તળાવની મુલાકાત લઈ સમીક્ષા કરી

નવસારી: નવસારીના ઐતિહાસિક સરબતિયા તળાવના સૌંદર્યીકરણ અને પુન:વિકાસ પ્રોજેક્ટને લઈને મહત્ત્વપૂર્ણ કાનૂની અવરોધ દૂર થતાં શહેરના વિકાસને નવી દિશા મળી છે. ડિસ્ટ્રિક્ટ કોર્ટની નીચલી અદાલતે આપેલો યથાસ્થિતિ જાળવવાનો આદેશ ઉચ્ચ અદાલતે રદ કરતાં વર્ષોથી અટવાયેલો પ્રોજેક્ટ હવે ફરી ગતિ પકડશે.

રાજ્ય સરકારની વિવિધ મંજૂરીઓ અને ટેકનિકલ પ્રક્રિયાઓ પૂર્ણ થયા બાદ પણ કાનૂની વિવાદોના કારણે કામ અટવાઈ ગયું હતું. અદાલતે વિકાસકાર્યોમાં વિલંબથી જાહેર નાણાં અને સમયના બગાડની નોંધ લઈ કેસના ઝડપી નિકાલ માટે માર્ગ મોકળો કર્યો છે.

કોર્ટનો નિર્ણય મળતા જ મેયર અશોક ધોરાજિયા અને મ્યુનિસિપલ કમિશનર જયેશ ઉપાધ્યાયે સરબતિયા તળાવની મુલાકાત લઈ અટકેલા કાર્યોની સમીક્ષા કરી હતી. સાથે જ નાગરિકોની લાગણીઓને ધ્યાનમાં રાખી તળાવની ડિઝાઈનમાં જરૂરી સુધારા અને પર્યાવરણલક્ષી સુવિધાઓ ઉમેરવાનો નિર્ણય પણ લેવાયો છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ સરબતિયા તળાવ માત્ર જળાશય નહીં, પરંતુ નવસારીનું આધુનિક પર્યટન, પર્યાવરણ અને મનોરંજન કેન્દ્ર બની શકે છે.

## નાની કોસબાડી ગામે ખેડૂત પર ડંડાથી હુમલો

ધરમપુર: નાની કોસબાડી ગામના ઉપલા ફળિયામાં રહેતા લાહનુભાઈ માહરૂભાઈ રાનડે પોતાની સનદવાળી જમીન પર આવેલા ઘરે ગયા હતાં. દિવસ દરમિયાન ખેતીકામ પૂર્ણ કર્યા બાદ તેમની પત્ની ઘરે પરત ફરી હતી, જ્યારે લાહનુભાઈ રાત્રિના સમયે ઘરે જવા માટે નીકળ્યા હતાં.

આ દરમિયાન જમીનની જૂની અદાવત રાખી પાડોશમાં રહેતા સોમા માહદુભાઈ કાનાતે તેમને રસ્તામાં રોકી ઝઘડો શરૂ કર્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આરોપ છે કે સોમાએ હાથમાં રહેલા લાકડાના ડંડાથી લાહનુભાઈના માથા પર ફટકો મારતાં તેઓ નીચે પડી ગયા હતાં.

હુમલામાં તેમને માથાના ભાગે તેમજ હાથમાં ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળ્યું છે.

બનાવ દરમિયાન લાહનુભાઈએ બૂમાબૂમ કરતાં નજીકમાં રહેતા તેમના પિતરાઈ ભાઈઓ દોડી આવ્યા હતાં.

## મોહરમ પૂર્વે નવસારી ગ્રામ્ય પોલીસની આગેવાનો સાથે બેઠક

**અફવાઓ**, ભડકાઉ સંદેશાથી દૂર રહેવા લોકોને પોલીસની અપીલ

નવસારી: મોહરમ અને તાજિયા પર્વ દરમિયાન જિલ્લામાં શાંતિ, સલામતી અને ભાઈચારાનું વાતાવરણ જળવાઈ રહે તે માટે નવસારી ગ્રામ્ય પોલીસ સ્ટેશન ખાતે વિશેષ સંકલન બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠકમાં વિવિધ વિસ્તારોના સમાજના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. પોલીસ અધિકારીઓએ તાજિયા યાત્રાના રૂટ, ટ્રાફિક વ્યવસ્થા, જાહેર સલામતી અને સોશિયલ મીડિયાના જવાબદાર ઉપયોગ અંગે માર્ગદર્શન આપ્યું હતું. ખાસ કરીને અફવાઓ અને ભડકાઉ સંદેશાઓથી દૂર રહેવા તેમજ કોઈપણ માહિતીની ચકાસણી કર્યા વગર તેને આગળ ન મોકલવાની અપીલ કરવામાં આવી હતી.

સમાજના આગેવાનોએ તહેવાર દરમિયાન કાયદાનું પાલન કરવા અને શાંતિ જાળવવા માટે સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી આપી હતી. પોલીસ તંત્રએ પણ નાગરિકોને કોઈપણ શંકાસ્પદ હિલચાલ, અસામાજિક તત્વોની પ્રવૃત્તિ કે કાયદો-વ્યવસ્થાને અસર પહોંચાડી શકે તેવી ઘટના અંગે તાત્કાલિક જાણ કરવા અનુરોધ કર્યો હતો.